અપીલ અરજી નં.૩૨૩ તા .૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નિવાસ ઉપલચ્યા પારાપલ્લી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિવાસ ઉપલચ્યા પારાપલ્લીની તા. ૧૨–૮–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૩/૨૦૧૧–૧૨

શ્રી નિવાસ ઉપલચ્યા પારાપલ્લીની તા. ૧૨–૮–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૫ તા.૧૪–૧૦–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગતો જણાવેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ નહીં કરતાં ટેલીફોનીક સંપર્ક કરી અને ત્યાર બાદ પુનઃ આરટીઆઈ સેલ/૧૦૮૦ તા.૧૫–૧૧–૧૧ થી પૂરક પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મેહકમ/ આ.નં.૨૨૭૯ તા.૧૫–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ આ.નં. ૧૮૧૯ તા.૧૭–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી ત્યાર બાદ તા.૧૪–૧૧–૧૧ થી ટેલીફોનીક સંપર્ક બાદ પણ કોઈ પૂરક વિગતો અત્રે રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૨–૮–૧૧ ની અરજીથી તા.૨૦–૭–૧૧ ના રોજ આપેલી અરજી અંગે શું કાર્યવાહી કરેલ છે જે અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં અરજી અંગે માહિતી આપેલ નથી તેવું જણાવી તા.૩–૧૦–૧૧ ના રોજ લીબાંયતઝોન ખાતે અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં લીંબાયતઝોન તરફથી ફકત અરજીની નકલ રજૂ કરવામાં આવેલ પરંતુ આનુષાંગિક પેપર્સ અપીલ સાથે કે અપીલ બાબતે પૂરક પત્ર બાદ પણ રજૂ ન કરતાં ટેલીફોનીક સંપર્ક અને પુનઃ પત્ર પાઠવ્યા બાદ લીંબાયતઝોન તરફથી તા.૧૫–૧૧–૧૧ ના રોજ પૂરક વિગતો રજૂ કરવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી તા.૨૦–૭–૧૧ ના રોજ આપેલી અરજીની નકલ રજૂ કરેલ નથી તેમજ અરજદાર તરફથી પણ તેવી કોઈ નકલ અત્રે રજૂ કરવામાં આવેલ નથી. આરટીઆઈ એકટના નિયમ–૬ મુજબ અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પ્રત્યુત્તરની વિગત અને સંદર્ભ અરજી બાબતે માંગેલ માહિતીની અરજીની નકલના પેપર્સ રજૂ કરવાના રહે છે જે અરજદાર તરફથી રજૂ થયેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને સમય અવધિ બાદ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૮૧૯ તા.૧૭–૯–૧૧ થી નિયત સમય અવધિ બાદ તા.૨૦–૭–૧૧ ની અરજીમાં પ્લોટ નં.૪૨ બિલીયાનગર, ડીંડોલીમાં ગેરકાયદેસર બાંધકામ બાબતની અરજી રજૂ કરેલ છે. જેથી સદર મિલ્કતમાં સ્થળ તપાસ કરતાં સદર સોસા.ના કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલ નથી. જે જાણશો. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સ્થળ તપાસ કરી હકીકતલક્ષી માહિતી આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિવાસ ઉપલય્યા પારાપલ્લી,